# જાહેરનામું

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪ ના નં.૨) ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ**

**નંબર : વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/ ૧૧૩ /૨૦૧૯**

અમદાવાદ મહાનગર પાલિકાની પેટા ચુંટણી તા.૨૨/૧૦/૨૦૧૯ અન્વયે કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની રાજયના ચુંટણીપંચ અમદાવાદ તા.૨૪.૦૯.૨૦૧૯ ની સુચના પત્ર દ્વારા આદેશો બહાર પાડવામાં આવેલ છે.જેથી મુકત અને ન્યાયી વાતાવરણમાં ચુંટણી થાય તે માટે નીચેની બાબતો પર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

હું એ.કે સિંઘ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે,

(૧) કોઈપણ રાજકીય પક્ષ, સંસ્થા, ચુંટણીના ઉમેદવાર કે તેમના કાર્યકર, સમર્થક કે સહાનુભુતિ રાખનાર કે અન્ય કોઈ વ્યકિત કોઈપણ સરકારી મકાન (સિવીલ મકાન સહિત)ની દિવાલ પર તથા જાહેર સ્થળે લખાણ લખી શકાશે નહી અથવા પોસ્ટર/કાગળો ચોંટાડવા કે કોઈપણ રીતે બગાડી શકશે નહી અથવા જાહેરાતના પુંઠા, પાટીયા, બેનર્સ, ધજા વગેરે રાખી નિદર્શન કરી શકાશે નહી.

(૨) આ હેતુ માટે સરકારી મકાન/જાહેર સ્થળમાં કોઈપણ સરકારી કચેરી અને તેનું પ્રાંગણ જેમાં કચેરી મકાન આવેલ હોય તે, તેમજ અગત્યની સુચનાઓ અને રસ્તાઓની દિશા સુચવતા પાટીયા, હાઈવે ઉપરના માઈલ સ્ટોન અને બોર્ડ, રેલ્વે ક્રોસીંગ ઉપરના ચેતવણી આપતા બોર્ડ, રેલ્વે પ્લેટફોર્મ ઉપરના બોર્ડ, બસ સ્ટેન્ડ ઉપરના બોર્ડ, લોકોને ચેતવણી આપતા બોર્ડ, ટેલીફોન તથા ઈલેકટ્રીકના થાંભલાઓ, નગરપાલિકા અને પંચાયત જેવી સ્થાનિક સંસ્થાઓ, સહકારી સંસ્થાઓની મિલ્કતો, સરકારશ્રીના જાહેર ઉપક્રમોની મિલ્કતો, રાજય કે કેન્દ્ર સરકારની કચેરીઓના મકાનો, જાહેર માર્ગો અને એસ.ટી./એ.એમ.ટી.એસ./બી.આર.ટી.એસ. બસ સ્ટોપ અને વાહનોનો સમાવેશ થશે.

(3) **આ હુકમ તા.30.0૯.૨૦૧૯ કલાક ૧૭.00 થી સમગ્ર ચુંટણી પ્રક્રિયા પુર્ણ ના થાય ત્યાં સુધી અમલમાં રહેશે.**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

**આ હુકમ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળ આવતાં ૩૫- બહેરામપુરા વોર્ડ વિસ્તારને લાગું પડશે.**

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ નકલો ચોંટાડીને તથા સ્થાનીક વર્તમાન પત્રો દ્વારા પ્રસિધ્ધિ કરાવી, તેમજ આકાશવાણી અને દુરદર્શન ઉપરથી જાહેરાત કરાવવી.

આજ તારીખ ૩૦ માહે સપ્ટેમ્બર સને ૨૦૧૯ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

(એ.કે સિંઘ)
પોલીસ કમિશ્નર,
અમદાવાદ શહેર.